# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૨/કવા–૦૨/૧૮–૧૯/ 10549 - 1 તા 04-12-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ચાવડા કરશન રામશી માલદે,
ગામ: ગઢકા
તા.કલ્યાણપુર,
જી: દેવભુમી દ્વારકા
પીનકોડ –૩૬૧૩૨૦

વિષય :–ભાવપત્રક ની મુદત વધારવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૨/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૩૨/કવા-૦૨/૧૮-૧૯ સ્થળ : જામખંભાળીયા

કમિટી મીટીંગ: તા.૨૦-૦૯-૧૮, તા.૨૩-૧૦-૧૮, તા. ૨૭-૧૧-૧૮

પક્ષકાર નં.:-(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ચાવડા કરશન રામશી માલદે, ગામ: ગઢકા

રજુઆત કરનાર: તા.૨૦-૦૯-૧૮, તા.૨૩-૧૦-૧૮, તા. ૨૭-૧૧-૧૮ ના રોજ અરજદાર હાજર રહેલ નથી.

## વિરુધ્ધ

પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

### ફરીયાદ : ભાવપત્રક ની મુદત વધારવા બાબત

**મુદદા નં.-૧ :** **પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ખેતીવાડી વીજજોડાણ ની જમીન ગામ:ગઢકા ના સર્વે નંબર: ૭૫૦/ પૈકી ૧ થી આવેલ છે. તેઓના ખેતીવાડી વીજજોડાણ ની માંગણી વર્ષ-૨૦૧૨ મા કરેલ હતી. તે માંગણી મુજબ તેઓને નોટીસ ૧૧ માસ પહેલા મળેલ હતી. તે માંગણી મુજબ – તેઓને જરૂરી દસ્તાવેજીક પેપર્સ – સામેવાળા ની કચેરીમા જમાં કરાવેલ હતા. સદર અરજી નુ ભાવપત્રક – તેઓના અભણ કાકા ને મળેલ હતુ, જે તેમના કાકા દ્વારા તેઓને ટપાલ ન મળતા – ભાવપત્રક ની સમયમર્યાદા ચાલી ગયેલ હતી. તેઓએ જે તે સબંધક કચેરીમા વારંવાર ધકકા ખાધેલ હોવા છતા – કોઈ જવાબ મળેલ ન હોય – આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.-૨ :** **પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ચાવડા કરશન રામશી માલદે, ગામ: ગઢકા ની અરજી ના અનુસંધાને પેટાવિભાગીય કચેરી દ્વારા નવા ખેતીવાડી વીજ જોડાણનું અંદાજપત્ર જાવક નંબર ૮૩૬૧ તા. 30.૧૨.૨૦૧૮ થી મોકલેલ જેની છેલ્લી તારીખ ૨૯.૦૧.૨૦૧૮ હતી.આ અંદાજપત્રની મુદત વધારવા માટેની કોઈ પણ જાતની અરજી અરજદાર દ્વારા કરવામાં આવેલ નથી, અને હવે સમય મર્યાદા વીતી ગયેલ હોય અંદાજપત્રની મુદત વધારી શકાય નહી. આ સંદર્ભે અરજદારને કેએસડી/ટેક/૧૮/૭૦૦૦ તા.૧૮.૦૯.૨૦૧૮ થી પત્ર દ્વારા જાણ કરેલ છે. |

## : નિષ્કર્ષ :

**મુદદા નં.-૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |